જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૩૧/૦૩/૨૦૨૩ શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## મિલ્કત-શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જી” ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ અમોએ (૧) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૨૦૧૧૨/૨૦૨૨ ઇ.પી.કો કલમ ૩૯૭ તથા જી.પી. એકટ કલમ ૧૩૫(૧) મુજબ (૨) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૨૦૭૬૦/૨૦૨૨ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ (૩) સરદારનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૦૨૨૧૭૮૩/૨૦૨૨ ઇ.પી.કો. કલમ ૩૨૩, ૩૨૪, ૩૩૭, ૪૫૨, ૧૧૪, ૪૨૭ તથા જી.પી. એકટ કલમ ૧૩૫(૧) મુજબ (૪) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૨૧૩૯૬/૨૦૨૨ ઇ.પી.કો કલમ ૩૯૨, ૧૧૪ મુજબ (૫) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૩૦૦૧૦/૨૦૨૩ ઇ.પી.કો કલમ ૩૯૨ મુજબ ગુનાઓના કામના આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૨૯૪/૨૦૨૩ તા.૩૦/૦૩/૨૦૨૩ ના હુકમ આધારે સદરી આરોપીને તા.૩૦/૦૩/૨૦૨૩ ના કલાક ૨૧/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર-સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા-૩૦/૦૩/૨૦૨૩

**આરોપીનુ નામ -**

કુલદીપ ઉર્ફે બોબી રાજેશભાઇ પરમાર (છારા) ઉ.વ.૨૫ (રહે,મહાજનીયાવાસ અનુરાધા મેડીકલની સામે નરોડા પાટીયા સરદારનગર અમદાવાદ શહેર)

**કામગીરી કરનાર અધિકારી / કર્મચારી**

પી.આઇ. પર્સનલના હે.કો. અજીતસિંહ કલ્યાણસિંહ બ.નં.૩૫૧૭ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં.૮૩૩૭ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા તથા પો.કો. શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૪૬/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૫૯૪ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૭ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૪૭/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**સોનાનુ ડોકિયુ ખેંચી તોડી લઇ ગયાઃ** **સમાચાર યાદી નં.૫૪૮/૨૦૨૩**

**પાલડીઃ** નેહલબહેન વા/ઓ સંજયભાઇ શાહ (ઉ.વ.૪૬)(રહે.યશ નિધિ એપાર્ટમેન્ટ, સરસ્વતી સોસાયટી, જૈન મર્ચન્ડ દેરાસરની બાજુમાં પાલડી) તા.૩૦/૦૩/૨૦૨૩ સવારના ૧૦/૧૫ વાગ્યાના સુમારે પાલડી જૈન મર્ચન્ટ દેરાસરની બાજુમાં નવકાર બંગ્લોની આગળ રોડ ઉપર ચાલતા પસાર થતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ નેહલબહેનના ગળામાંથી સોનાનુ ડોકીયુ કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- મતાનુ ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ નેહલબહેન શાહે પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.શુક્લ ચલાવે છે.

**બેગ ઝુંટવી લઇ ગયાઃ** **સમાચાર યાદી નં.૫૪૯/૨૦૨૩**

**રામોલઃ** કમળાબહેન મણીલાલ પટેલ (ઉ.વ.૬૫)(રહે.ગોકુલધામ ડિંડોલી સુરત શહેર) એ તા.૩૦/૦૩/૨૦૨૩ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૩/૨૦૨૩ સવારના ૪/૦૦ વાગ્યાના સુમારે સી.ટી.એમ ચાર રસ્તા બ્રીજ નીચે એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ કમળાબહેનના હાથમાંથી બેગ ખેંચી ઝુંટવી લઇ નાસી ગયા હતા. આ બેગમાં રોકડ રૂપિયા ૨૦૦૦/-, સોનાની ચેઇન કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- તથા કપડા મુકેલ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.તડવી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૫૦/૨૦૨૩**

**મેઘાણીનગરઃ** દીવ્યાબહેન ડો/ઓ મુકેશભાઇ પટણી(ઉ.વ.૨૦)(રહે.નર્મદાબેનની ચાલી હીમગીરી સ્કુલ પાસે મેઘાણીનગર)એ અગમ્ય કારણસર તા.૩૦/૦૩/૨૦૨૩ ના કલાક ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જી.લિંબોલા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી